દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૨ વર્ષ
શુક્રવાર ૧૧ જુલાઈ, ૨૦૨૫

# ત્રાસવાદી ભંડોળો માટે ઓનલાઈન પેમેન્ટ અને ઈ-કોમર્સ સેવાઓનો ઉપયોગ: એક નવો પડકાર

ત્રાસવાદ એ સમગ્ર વિશ્વ માટે નહીં તો પણ વિશ્વના ઘણા દેશો માટે આજે એક મોટી સમસ્યા બની ગયો છે. જે અન્ય બાબતોને લાગુ પડે છે તે જ ત્રાસવાદને પણ લાગુ પડે છે - નાણા વગર તેનું કામ ચાલતુ નથી. અને ત્રાસવાદને નાણા વિવિધ સ્ત્રોતો તરફથી પુરા પાડવામાં આવતા હોય છે. અમુક દેશોની સરકારો અમુક હેતુસર ત્રાસવાદને પ્રોત્સાહન આપતી હોય છે અને તેમના તરફથી ત્રાસાવાદી સંગઠનોને અઢળક નાણા પુરા પાડવામાં આવતા હોય છે. ઉપરાંત ત્રાસવાદીઓ અને ત્રાસવાદી સંગઠનો તરફ સહાનુભૂતિ ધરાવતા લોકો તરફથી પણ ત્રાસવાદી પ્રવૃતિ માટે દાન સ્વરૂપે કે અન્ય રીતે નાણા પુરા પાડવામાં આવતા હોય છે. વૈશ્વિક સ્તરે ત્રાસવાદી ભંડોળોના મોટા પ્રવાહની હેરાફેરી થાય છે અને ત્રાસવાદી ભંડોળોનો એક જાણે મોટો કારોબાર ધમધમી રહ્યો છે. ત્રાસવાદી ભંડોળોની સમસ્યા એટલી મોટી થઇ ગઇ છે કે તેના પર અંકુશ માટે FATF ટૂંકાક્ષરો ધરાવતી એક અલાયદી સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે. આ

વૈશ્વિક ત્રાસવાદી ભંડોળ વોચડોગ એફએટીએફ દ્વારા હાલમાં જણાવવામાં આવ્યું હતું કે ત્રાસવાદને નાણા પુરા પાડવા માટે ઇ-કોમર્સ પ્લેટફોર્મો અને ઓનલાઇન પેમેન્ટ સર્વિસોનો દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે. પોતાની આ વાતના ટેકામાં તેણે ફેબ્રુઆરી ૨૦૧૯ના પુલવામા હુમલા અને ૨૦૨૨ના ગોરખનાર મંદિરના બનાવના ઉદાહરણો ટાંક્યા હતા.

ત્રાસવાદી ભંડોળ વિરોધ આ સંસ્થાએ હાલમાં એક અહેવાલ બહાર પાડ્યો છે. ત્રાસવાદી ભંડોળના જોખમો પર સમગ્રલક્ષી અપડેટ એ નામના અહેવાલમાં તેણે ત્રાસવાદને સરકારી પ્રોત્સાહનની વાતનો પણ ઉલ્લેખ કર્યો છે અને જણાવ્યું છે કે માહિતી અને ડેલિગેશનોનના ઇન્પુટ્સ જે તેના અહેવાલમાં ટાંકવામાં આવ્યા છે તે સંકેત આપે છે કે કેટલાક ચોક્કસ ત્રાસવાદી સંગઠનોએ નાણાકીય તથા અન્ય સ્વરૂપે ટેકો વિવિધ રાષ્ટ્રીય સરકારો તરફથી મેળવવાનું ચાલુ રાખ્યું છે. જૂનમાં, FATF એ એપ્રિલ 2025 માં થયેલા પહેલગામ આતંકવાદી હુમલા, જેમાં ૨૬ જણા માર્યા ગયા હતા તેની નિંદા કરતી વખતે, કહ્યું હતું કે નાણાકીય સહાય વિના આવો હુમલો શક્ય ન બની શક્યો હોત. વાત બિલકુલ બરાબર છે. નાણાકીય ભંડોળો ન મળતા હોય તો આવા હુમલા થઇ શકે નહીં. તેણે કહ્યું હતું કે તે આતંકવાદી ભંડોળનું વ્યાપક વિશ્લેષણ બહાર પાડશે, જેમાં તેના 200 અધિકારક્ષેત્રો ધરાવતા વૈશ્વિક નેટવર્ક દ્વારા પૂરા પાડવામાં આવેલા કેસોનું સંકલન કરવામાં આવશે. ભારતમાં આતંકવાદી હુમલા માટે સામગ્રીની ખરીદી માટે ઈ-કોમર્સ પ્લેટફોર્મના ઉપયોગનો કેસ સ્ટડી આપતાં, FATF એ જણાવ્યું હતું કે હુમલામાં ઉપયોગમાં લેવાતા ઇમ્પ્રુવાઇઝ્ડ વિસ્ફોટક ડિવાઇસના મહત્વના ઘટક - એલ્યુમિનિયમ પાવડર EPOM એમેઝોન દ્વારા મેળવવામાં આવ્યો હતો. આ સામગ્રીનો ઉપયોગ વિસ્ફોટની અસર વધારવા માટે કરવામાં આવ્યો હતો. FATFએ જણાવ્યું છે કે ઇ-કોમર્સ પ્લેટફોર્મોનો ઉપયોગ ત્રાસવાદીઓ દ્વારા તેમના પ્રોજેક્ટો અને ઓપરેશનો માટે નાણા ઉભા કરવા વસ્તુઓ વેચવા માટે પણ કરી શકાય છે. ઇ-કોમર્સ પ્લેટફોર્મો અને ઓનલઇન પેમેન્ટ સેવાઓનો ઉપયોગ ભંડોળોની હેરાફેરી માટે પણ કરી શકાય છે. એકલા આતંકવાદી કૃત્યને ભંડોળ પૂરું પાડવા માટે ઓનલાઈન પેમેન્ટ સેવા અને VPN ના ઉપયોગ અંગે કેસ સ્ટડી આપતા, FATFએ 3 એપ્રિલ, 2022 ના રોજ ગોરખનાથ મંદિરમાં ઘૂસણખોરીના પ્રયાસની ઘટનાનો ઉલ્લેખ કર્યો હતો જેમાં ઇસ્લામિક સ્ટેટ ઇન ઇરાક એન્ડ ધ લેવન્ટ (ISIL) વિચારધારાથી પ્રભાવિત એક વ્યક્તિએ સુરક્ષા કર્મચારીઓ પર હુમલો કર્યો હતો જેની તાત્કાલિક ધરપકડ કરવામાં આવી હતી. નાણાકીય તપાસમાં જાણવા મળ્યું છે કે આ વ્યક્તિએ ISIL ના સમર્થનમાં PayPal દ્વારા વિદેશી દેશોમાં રૂ. 669,841 (7,685 ડોલર) ટ્રાન્સફર કર્યા હતા, આંતરરાષ્ટ્રીય તૃતીય-પક્ષ વ્યવહારોનો ઉપયોગ કરીને અને IP સરનામું છુપાવવા માટે VPN સેવાઓનો ઉપયોગ કર્યો હતો.


આવી ઓનલાઈન ચુકવણી સેવાઓનો ઉપયોગ મોટી સંસ્થાઓને દાન પહોંચાડવા માટે પણ થઈ શકે છે, ખાસ કરીને તે હદ સુધી કે કેટલીક ચુકવણી પદ્ધતિઓ સીધી રીતે સોશિયલ નેટવર્ક અને કન્ટેન્ટ હોસ્ટિંગ સેવાઓમાં સંકલિત હોય છે. આવા કિસ્સાઓમાં, દાતાઓની ભરતી કરવા, ક્રાઉડફંડિંગ ઝુંબેશ શરૂ કરવા અને ઓનલાઈન ચુકવણી સેવા દ્વારા ભંડોળ ટ્રાન્સફર કરવા માટે એક જ પ્લેટફોર્મનો ઉપયોગ કરી શકાય છે. ક્રેડિટ કાર્ડ્સ અંગે ઉલ્લેખ કરવામાં આવ્યો હતો તેમ, આવી ઓનલાઈન ચુકવણી સેવાઓ વાયર-ટ્રાન્સફરની તુલનામાં ઓછી ટ્રેસેબિલિટી અને પારદર્શિતા પ્રદાન કરે છે, જેના કારણે ટ્રાન્સફર શરૂ કરનારા અને પ્રાપ્તકર્તાઓને સ્પષ્ટ રીતે ઓળખવાનું મુશ્કેલ બને છે.

આથી જ ક્રેડિટ કાર્ડ જેવા માધ્યમ વડે ત્રાસવાદી ભંડોળોની હેરાફેરી વધુ સરળ બની શકે છે. ઓનલાઇન પેમેન્ટ સેવાઓ અને ઇ-કોમર્સ સેવાઓ સામાન્ય વ્યક્તિની સગવડ વધારી આપે છે તો તે ત્રાસવાદીઓને પણ મદદરૂપ થઇ શકે છે. ત્રાસવાદી ભંડોળોની હેરાફેરી માટે આવી આધુનિક પધ્ધતિઓનો ઉપયોગ એક નવો પડકાર છે અને તેને નાથવા માટે નિષ્ણાતોએ કંઇક માર્ગ શોધવો જોઇએ.

## ત્રણ કિંમતી વસ્તુઓ - જ્ઞાન, પૈસા અને સમય

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

એક દિવસ રોહન કોલેજમાં જવા તૈયાર થતો હતો ત્યારે દાદાએ કહ્યું, 'દીકરા તારે હજી ભણવાના કેટલા વર્ષ બાકી છે?' રોહન બોલ્યો, 'દાદા આ ગ્રેજ્યુએશનનું છેલ્લું વર્ષ છે પણ હજી આગળ પ્રોફેશનલ ડિગ્રી માટે ત્રણ વર્ષ ભણવું પડશે.' આટલું કહીને રોહન સાંજે મળીએ આવજો કહીને નીકળી ગયો. સાંજે દાદા રોહનની રાહ જોતા બેઠા હતા. રોહન આવ્યો એટલે દાદાએ કહ્યું, 'ચાલ આપને આઈસ્ક્રીમ પાર્ટી કરીએ, તારી મમ્મીને કહેતો નહીં.' રોહન તેના દાદાની ફેવરીટ આઈસ્ક્રીમ લઇ આવ્યો. દાદાએ કહ્યું, 'રોહન, આજે મારે તને બહુ મહત્ત્વની વાત સમજાવવી છે. તને ખબર છે કે જીવનમાં કેટલી કરન્સી છે.' રોહન બોલ્યો, 'દાદા કરન્સી તો દુનિયામાં ઘણી છે દરેક દેશની જુદી અને આપણો રૂપિયો.' દાદા બોલ્યા, 'એ મને ખબર છે પણ આ પૈસા એક કરન્સી છે તેવી જ બીજી બે કરન્સી છે, સમય અને જ્ઞાન જેનું આદાન-પ્રદાન કરી તમે બીજી વસ્તુઓ મેળવી શકો છો.' રોહનને કઈ સમજાયું નહીં તે બોલ્યો, 'દાદા પૈસા બરાબર પણ જ્ઞાન અને સમય આપીને કઈ રીતે કઈ મળી શકે?' દાદા બોલ્યા, 'દીકરા જો અત્યારે તું તારા જીવન ઘડતરનાં મહત્ત્વનાં તબક્કે છે એટલે મારે તને આ ત્રણ વસ્તુનું મહત્ત્વ સમજાવવું છે અને તેનું ગણિત પણ સમજાવવા જેવું છે. જીવનમાં જ્ઞાન, પૈસા અને સમય ત્રણેય બહુ મહત્ત્વના અને કિંમતી છે. જીવન સંપૂર્ણ રીતે આનંદથી જીવવા આ ત્રણે વસ્તુ જરૂરી છે.' રોહનને દાદાની વાતમાં રસ પડ્યો, તે બોલ્યો, 'દાદા તમારી વાત એકદમ સાચી છે, હવે મને સમજાયું.' દાદા બોલ્યા, 'દીકરા જીવનમાં હંમેશા યાદ રાખજે કે આ ત્રણે વસ્તુઓનો સમજીને ઉપયોગ કરજે અને જાળવીને રાખજે આ ત્રણ વસ્તુઓ મહત્ત્વની છે, કિંમતી છે અને તેમનો અરસ-પરસ સબંધ પણ અનોખો હિસાબ ધરાવે છે.' રોહન બોલ્યો, 'કેવો હિસાબ?' દાદાએ કહ્યું, 'આ ત્રણમાંથી એક મેળવવા તારે બીજી બે વસ્તુઓ આપવી પડશે. 'જ્ઞાન' મેળવવા માટે સમય લાગશે અને ફી રૂપે પૈસા લાગશે. 'પૈસા' મેળવવા તારો સમય અને જ્ઞાન આપીને કામ કરવું પડશે અને 'સમય' મેળવવા જ્ઞાન અને પૈસા વાપરવા પડશે. એટલે એકદમ સમજીને કોઇ પણ વસ્તુને વેડફાટ ન થાય તે રીતે જીવનમાં આગળ વધજે. ત્રણ મહત્ત્વની વસ્તુઓ સમજી વિચારીને વાપરજે અને સમજી વિચારીને મેળવજે.' દાદાએ પોતાના અનુભવમાંથી એક સુંદર સમજ જીવન શરૂઆત કરતા પૌત્રને આપી.




# બ્રિક્સ: વિકાસશીલ દેશોનો સાદ, પ્રતિસાદ

૨૦૦૧માં ગોલ્ડમેન સેશ (પ્રખ્યાત ઈન્વેસ્ટમેન્ટ બેંક) અર્થશાસ્ત્રી જીમ ઓ'નીલ એ વિશ્વના ઉભરતા અર્થતંત્રમાંથી સૌથી ઝડપથી વિકસતા દેશો તરીકે બ્રાઝીલ, રશિયા, ઈન્ડિયા અને ચીનને જુદા તારવી 'બ્રિક'નામ આપ્યું અને ૨૦૫૦ સુધી આ દેશોનું વિશ્વના અર્થતંત્ર પર પ્રભુત્વ હશે એવી આગાહી કરી. ત્યારે એમની ગણતરી તો આ દેશોમાં નિવેશ કરવાની હતી. ચાર-પાંચ વર્ષ સુધી ગોલ્ડમેન સાશના વિશ્લેષકો આ ચાર દેશોના અર્થતંત્રનું અવલોકન કરતાં રહ્યા અને આ દેશોનાં નવા ખુલેલા મૂડીબજારમાં રોકાણ કરતા રહ્યાં. કારણકે ઝડપથી વિકસતા અર્થતંત્રનાં મૂડી બજારમાં વળતર પણ ઝડપથી મળતું હતું. તે સમયે કોણે વિચાર્યું હતું કે આ દેશો પરસ્પર આર્થિક-રાજકીય સહકાર માટે જોડાણ કરશે, જે એકાદ દાયકામાં જ વૈકલ્પિક આર્થિક વ્યવસ્થા ઉભી કરવા સુધી પહોંચી જશે! ૨૦૦૬માં આ ચાર દેશો વચ્ચે જોડાણનો વિચાર રજુ થયો અને ૨૦૦૯માં રશિયાની પહેલ પર પ્રથમ બ્રિક શિખર સંમેલનનું આયોજન થયું. એક જ વર્ષમાં સાઉથઆફ્રિકા જોડાયું, બ્રિકમાંથી બ્રિક્સ બન્યું અને પાંચ સભ્યો થયા. ૨૦૨૪માં પાંચમાંથી દસ થયા - ઈજીપ્ત, ઈરાન, ઈથોપિયા, સાઉદી અરેબિયા અને યુ.એ.ઈ જોડાયા આ વર્ષે ઈન્ડોનેશિયા જોડાયું. બીજા ત્રીસ દેશો બ્રિક્સનાં સભ્ય બનવા ઈચ્છે છે. હવે આ જૂથ બ્રિક્સ પ્લસ તરીકે ઓળખાય છે. આ જૂથના રાષ્ટ્રો અનૌપચારિક સંઘ તરીકે કામ કરે છે. દર વર્ષે બ્રિક્સ સંમેલન ગોઠવે છે જ્યાં સભ્ય રાજ્યોના વડાઓ આર્થિક સહકારનું નિર્માણ કરવાની દિશામાં કામ કરે છે.

આ બધા વિકાસશીલ દેશો છે જે વૈશ્વિક વેપારમાં પશ્ચિમી દેશોનાં પ્રભુત્વનો વિકલ્પ શોધી રહ્યા છે, જેમાં તેમને પરસ્પરનો સહકાર જરૂરી છે. ૧૬ વર્ષના ઈતિહાસમાં બ્રિક્સના પ્રયત્ને કેટલાક મહત્વના બદલાવ ઉભા થયા છે. સૌથી નોંધપાત્ર છે ન્યુ ડેવેલપમેન્ટ બેંક. વિકાસશીલ દેશોમાં નાણાકીય કટોકટી વખતે કે પછી મોટી માળખાકીય સવલત ઉભી કરવા માટે વિદેશી નાણાંની મદદની જરૂર પણ રહેતી હોય છે જેને માટે જ વિશ્વ બેંક અને વિશ્વ નાણાકીય કોશ (આઈ. એમ.એફ.) જેવી સંસ્થા છે, પણ તેની કડક શરતો મોટે ભાગે અમેરિકા કે યુરોપનાં દેશોના હિતને અનુલક્ષીને ઘડવામાં આવે છે. એટલે વૈકલ્પિક બેંક ઉભી કરવાનો પ્રસ્તાવ ૨૦૧૨ની બ્રિક્સનાં સંમેલનમાં રજુ થયો. તે સમયના પાંચેય સભ્યો એ નાણાકીય ફાળો આપ્યો અને ૨૦૧૫માં ૧૦૦ બિલિયન ડોલરના મૂડી ભંડોળ સાથે ન્યુ ડેવેલોપમેન્ટ બેંક (એન.ડી.બી.)ના નામે કામ કરવાનું શરુ કરી દીધું, જે સભ્ય દેશો ઉપરાંત અન્ય વિકાસશીલ દેશોને ટકાઉ વિકાસનાં કામ માટે નાણાકીય સહાય આપે છે. આ ઉપરાંત બ્રિક્સ - પે નામની આંતરરાષ્ટ્રીય નાણાં ચુકવણીની વ્યવસ્થા ઉભી થઈ છે જે બ્રિક્સનાં સભ્યો વચ્ચે વેપારની સરળતા ઉભી કરે છે. સભ્ય દેશો અંદરોઅંદરનાં વેપારમાં પોતાના ચલણ સ્વીકારવાનું શરુ કર્યું છે જેથી ડોલરની જરૂર ના પડે. દા.ત. ૨૦૨૨માં યુક્રેન સાથેના સંઘર્ષ પછી રશિયા પર અમેરિકાએ લાદેલા પ્રતિબંધો પછી ભારત રશિયા પાસેથી જે પેટ્રોલ ખરીદે છે તેની ચુકવણી ભારતીય રૂપિયામાં અથવા ચાઈનીઝ યુઆનમાં કરે છે. બહુપક્ષીય વેપારમાં સરળતા ઉભી કરવા માટે જ બ્રિકનું પોતાનું અલગ ચલણ ઉભું કરવાની વાત ચર્ચાઈ હતી. જો એમ થાય તો સ્વાભાવિક રીતે ડોલરની આંતરરાષ્ટ્રીય ચલણ તરીકે માંગ પર અસર થવાની અને ડોલર નબળો પડવાની શક્યતા ઉભી થવાની. વૈશ્વિક અર્થતંત્રમાં અમેરિકાનું પ્રભુત્વ ટકાવી રાખવામાં ડોલરનું આંતર્રાષ્ટ્રીય ચલણ તરીકેની સ્વીકૃતિનો બહુ મોટો ફાળો છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને બ્રિક્સ એટલે જ 'અમેરિકા વિરોધી'લાગે છે. એટલે જ તેઓ આ જૂથના સભ્ય દેશો પર વધારાની ૧૦ ટકા જકાત લાદવાની ધમકી આપે છે.

### કહેવાની વાત

નેહા શાહ

**બ્રિકનું પોતાનું અલગ ચલણ ઉભું કરવાની વાત ચર્ચાઈ હતી. જો એમ થાય તો સ્વાભાવિક રીતે ડોલરની આંતરરાષ્ટ્રીય ચલણ તરીકે માંગ પર અસર થવાની અને ડોલર નબળો પડવાની શક્યતા ઉભી થવાની**

જોકે, બ્રિક્સ દેશો માટે નવું ચલણ ઉભું કરવું અને અમેરિકાની ધમકીઓ સામે ટકી રહેવું સહેલું નથી. એક તરફ શક્તિશાળી અમેરિકા છે તો બીજી તરફ શક્તિ વધારવા સતત પ્રયત્નશીલ ચીન અને રશિયા છે. ચીન તો ઘણા દેશોને આર્થિક મદદ કરી તેમના પર સીધું નિયંત્રણ વધારી રહ્યું છે. બ્રિક્સના માધ્યમથી પણ એ પોતાનું વર્ચસ્વ વધારવાનો પ્રયત્ન કરી રહ્યું છે. આ પણ તો એક પ્રકારનો સામ્રાજ્યવાદ જ છે. ભારત જેવા દેશની હાલત કફોડી છે. એક તરફ ઉભરતા અર્થતંત્ર તરીકે પશ્ચિમી દેશોના વર્ચસ્વ ટકવા બ્રિક્સનાં સભ્યો સાથેનો સહકાર આવશ્યક છે તો બીજી બાજુ ચીનથી લશ્કરી ખતરો ઉભો થયો છે, ચીન સાથે વ્યાપાર ઘટાડવા માટેની ઝુંબેશ ઉઠી છે, જે માટે લોકમત પણ ઉભો થઇ રહ્યો છે. વ્યુહાત્મક રીતે પણ જો ચીન પાકિસ્તાનને ટેકો કરી રહ્યું હોય તો અમેરિકા સાથે દોસ્તી ટકાવવું આવશ્યક બની જાય છે.

ભારતનું આ વ્યૂહાત્મક વલણ બ્રિક્સનાં હેતુ સાથે વિરોધાભાસ ઉભો કરે છે. એવી જ કાંઈક પરિસ્થિતિ મધ્ય એશિયાનાં દેશોની છે. ઈરાનની ન્યુક્લીઅર તાકાત સામે સાઉદી અરેબિયા કે યુ.એ.ઈ. જેવા દેશો અમેરિકા સાથેની દોસ્તીને જોખમમાં મૂકી શકે એમ નથી.

હાલમાં તો વૈકલ્પિક ચલણ વિકસાવવાની કોઈ યોજના નથી એવું બ્રિક્સનાં મંચ પરથી જાહેર થઇ ચુક્યું છે. પણ, વર્તમાન વૈશ્વિક વ્યવસ્થાને બદલાવામાં વિકાસશીલ દેશોના જૂથની ભૂમિકા મહત્વની રહેશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ભાષા જેવા અગત્યના મુદ્દાને સાવ જડતાપૂર્વક હલ કરવા જેવો નથી

કોઈ પણ સામાજિક નિસ્બતવાળા અને સમજણપૂર્વક વિચાર-વિમર્શ કરવો પડે તેવા મુદ્દાને ગુચવી નાખવો તે આપની જાણે રાષ્ટ્રીય રમત થઇ ગઈ છે. નવા યુગના પ્રસાર માધ્યમો આમાં વધારો કરે છે અને સત્તા પક્ષ તરીકે ભાજપ પાસે હવે આવા મુદ્દાને કુનેહપૂર્વક, પ્રજા સમક્ષ મુકે તેવા નેતાઓ નથી. દિવસે દિવસે એ વાત સ્પષ્ટ થતી જાય છે કે ભાજપ પાસે કોઈ પણ ચૂંટણી જીતવાની જડબેસલાક વ્યૂહરચના છે. મુત્સદ્દીગીરી છે પણ સામાજિક સંસ્કૃતિક મુદ્દા પર સ્પષ્ટ માર્ગદર્શન આપનારા વિચારશીલ નેતાઓ નથી અને વિચારસરણી પણ નથી. માટે જ લગ્નના કાયદા, સમલૈંગિક અધિકાર, શિક્ષણ નીતિ, શ્રદ્ધા અને અંધશ્રદ્ધાનો તફાવત, પરંપરાઓની જાળવણી અને ધર્મના ધંધા વચ્ચેનો તફાવત જેવા મુદ્દામાં તે બધવાઈ જાય છે. આવા સમયે મૂળ ભાજપના નેતાઓ બાજુમાં રહે છે અને બીજી-ત્રીજી કેડરના લોકો મોરચો સંભાળી લે છે. વહીવટને કાબૂમાં રાખતા સરકારી બાબુઓં આવા વખતે સલામત દૂર ખસી જાય છે અને માટે છાપા, ચેનલો કે વિદ્વત જનોમાં ક્યાય મુદાસરની વાત થતી નથી.

દુનિયા આખીમાં શિક્ષણ ક્ષેત્રે "દ્વિ-ભાષા" પદ્ધતી સ્વીકારાઈ છે. આ કોલમમાં અગાઉ લખું હતું કે "મધર ટંગ અને અધરટંગ"- એમ બે ભાષાનું મોડેલ જ શિક્ષણ માટે અગત્યનું છે અને માતૃભાષા સિવાય કઈ ભાષા બાળક, વિદ્યાર્થી ભણવા માંગે છે તે તેને જ નકી કારવા દો. ભારતનો વર્તમાન સમય એવો છે કે માતા-પિતા અને બાળક અંગેજી જ ભણવા માગે છે. માતૃભાષા એ આપમેળે શીખ્યો હોય છે એટલે તેનું શિક્ષણ લેવામાં પણ તેને વાંધો નથી માટે દરેક રાજ્ય કે એની ભાષાના આધારે જ રચના થઇ છે ત્યાં પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં શરૂ થાય અને ધીમે ધીમે અન્ય ભાષા તરીકે વિશ્વ ભાષા અંગ્રેજી ભણવામાં આવે તે સૌ સ્વીકારે છે. વ્યક્તિને વધુ ભાષા આવડે તે ઉત્તમ વાત છે અને જે ત્રણ ચાર ભાષા જાણતો હોય છે તે ઘણી જગ્યાએ સફળ થાય તેવું પણ બને પણ સવાલ છે સરકારે ફરજીયાત પણે કેટલી ભાષા શીખવાડવી જોઈએ? તો જવાબ છે બે.

શિક્ષણમાં ત્રણ ચાર ભાષા ફરજીયાત ભણાવવાથી બાળકનું મગજ વિજ્ઞાન, ગણિત પર્યાવરણ જેવા વિષયમાં પુરતું ધ્યાન આપી શકશે નહીં અને ગણિત વિજ્ઞાનમાં ધ્યાન આપનારા ભાષાને માત્ર પાસ થવાની જરૂરીયાત માનવા લાગે છે. માટે જ શિક્ષણમાં ભાષાનો મુદ્દો સંવેદનશીલતાથી ઉકેલવો જો માત્ર હિન્દીની વાત છે તો ગુજરાત સહિતના બિનહિન્દી રાજ્યો જે હિન્દી ભાષી રાજ્યની નજીક આવેલા છે તે પ્રેમપૂર્વક હિન્દી સાંભળે છે બોલે છે બોલવા દે છે. હિન્દી ફિલ્મ ઉદ્યોગ હિન્દીના પ્રચાર-પ્રસારનું કામ બહુ પ્રેમપૂર્વક કરી રહ્યો છે. ત્યારે આવા રાજ્યોમાં હિન્દીથી નફરત કોઈને નથી અહીં વાત માત્ર ફરજીયાત ન ભણાવવાની છે, ફરજ ન પાડવાની છે જે મુંબઈમાં હાલ વિવાદ થયો છે ત્યાં તો હિન્દી ફિલ્મ ઉદ્યોગ વિકસ્યો છે એટલે હિન્દીથી કોઈને વાંધો નથી. ફરજીયાત હિન્દીથી છે.

હવે બીજી વાત વેપારીએ જે રાજ્યમાં ધંધો કરતો હોય ત્યાંની ભાષા શીખવી જોઈએ કે નહીં તો સ્પષ્ટ વાત છે અંગ્રેજો ભારત આવ્યા અને અહીં વેપાર કરવા હિન્દી શીખ્યા, આગળ જતા ભલે એમણે જ આપણને અંગ્રેજીના ગુલામ બનાવ્યા પણ, વેપારી તરીકે તે આપની ભાષા જ શીખ્યા. ખાનગી ચેનલો શરૂ થઇ પછી સ્ટાર ટીવી માત્ર અંગ્રેજી ચેનલ હતી તેણે ધંધાનો વ્યાપ વધારવા સ્ટાર હિન્દી શરૂ કરી અને સૌ આજે સિરીયલોના રવાડે ચડ્યા છે તે મૂળ અંગ્રેજી માલિકનો હિન્દીમાં ધંધો છે.

### રાજ કાજ ગુજરાત

કાર્તિકેય ભટ્ટ

**જે વેપારી મહારાષ્ટ્રમાં દુકાન ખોલીને હું મારાથી નહીં બોલું તેમ બોલે છે તે અમેરિકામાં અંગ્રેજી વગર, ફ્રાન્સમાં ફ્રેંચ વગર, નેધર્લેન્ડમાં ડચ વગર ધંધો કરી બતાવે. વાત સ્પષ્ટ છે જે પ્રજા પાસેથી તમારે કમાણી કરવી છે તે પ્રજાની ભાષા તમારે શીખવી જોઈએ**

યુરોપમાં કોઈ પણ દેશમાં પ્રજા સાથે સીધા સંવાદમાં આવવું પડે તેવા તમામ વ્યવસાયોમાં ત્યાંની સ્થાનિક ભાષા ફરજીયાત છે. જે વેપારી મહારાષ્ટ્રમાં દુકાન ખોલીને હું મારાથી નહીં બોલું તેમ બોલે છે તે અમેરિકામાં અંગ્રેજી વગર, ફ્રાન્સમાં ફ્રેંચ વગર, નેધર્લેન્ડમાં ડચ વગર ધંધો કરી બતાવે. વાત સ્પષ્ટ છે જે પ્રજા પાસેથી તમારે કમાણી કરવી છે તે પ્રજાની ભાષા તમારે શીખવી જોઈએ. બેંકમાં, સ્કૂલમાં, મોલમાં જ્યાં જ્યાં સામાન્ય પ્રજા સાથે વ્યવહાર કરવાનો હોય ત્યાં રાજ્ય ભાષા બોલતા આવડવું જ જોઈએ. ગુજરાતની એ કામ નસીબી છે અને નેતૃત્વની ઉણપ છે કે ગુજરાતના ગામડામાં એસ.બી. આઈ.ની શાખામાં ગામડાના ગરીબ ઓછું ભણેલા મજૂરોને હિન્દી ભાષી કર્મચારીઓ તતડાવે છે અને કોઈ બોલતું નથી.

આપણે હિંસાની તરફદારી કરી શકીએ નહીં, વળી આ મુદ્દો સત્તાવાળાએ ઉકેલવાનો હોય આપણે પ્રજાએ અંદરો અંદર ઝગડવાનું ન હોય. તો વાત મૂળ આટલી જ છે કે શિક્ષણમાં ત્રણ ભાષા હોવી જોઈએ ફરજીયાત? અને બે, જે રાજ્યમાં ધંધો કરો ત્યાંના ગ્રાહકને સમજાય તે ભાષા વેપારીએ બોલવી જોઈએ કે નહીં? વાત આડા પાટે ના ચડાવો. ભાષાવાદ અને રાષ્ટ્રીય એકતા અને એવા મુદ્દાઓની ખોખલી ચર્ચામાં અંગ્રેજીનું પ્રભુત્ત્વ જ વધતું જાય છે તે ભૂલવું નહીં.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### અંગ્રેજીને આવકારતા માતૃભાષા ભુલાવી ન જોઈએ

થોડા દિવસ પર આપણા દેશના ગૃહમંત્રી દ્વારા અંગ્રેજી ભાષા અંગે એમનો અણગમો પ્રગટ થયો એ વાંચી વિચાર આવ્યો કે ઉચ્ચ શિક્ષણનાં બધા ક્ષેત્રો માટે ગુજરાતી કે અન્ય માતૃભાષામાં પુસ્તકો ઉપલબ્ધ ન હોય પરંતુ અંગ્રેજી ભાષામાં તે સહેલાઈથી ઉપલબ્ધ થઇ શકે છે એથી વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી ભણવું અને જાણવું જરૂરી જ નહીં પરંતુ આવશ્યક છે. મા-બાપ એવું ઈચ્છે કે ભાષાને કારણે બાળકની શૈક્ષણિક પ્રગતિમાં બાધા ન આવે. પરંતુ ચિંતાનો વિષય એ છે કે ગુજરાત રાજ્યમાં જ ચાલતી અંગ્રેજી માધ્યમની સ્કુલોનાં ગુજરાતી શિક્ષકો પણ વાતચીતમાં અંગ્રેજી ભાષાનો જ ઉપયોગ કરે છે. પણ અંગ્રેજી ભાષામાં ભણતા વિદ્યાર્થીઓ અંગ્રેજી કે ગુજરાતી બંનેમાંથી એકપણ ભાષા સાચી નથી બોલી શકતા. આ પરિસ્થિતિમાં ગુજરાતી ભાષા ભુલાઈ ન જાય એ માટે નિરંજન ભગત મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા 'માધ્યમ ગુજરાતી ઉત્તમ અંગ્રેજી' MGUA પ્રોજેક્ટ શરૂ કરવામાં આવેલ છે એ પ્રોજેક્ટ હેઠળ માતૃભાષાના પ્રભુત્વને જાળવી રાખી અંગ્રેજી ભાષાને આવકારવાના અભિગમ સાથે પ્રાદેશિક માધ્યમની શાળાઓમાં ઉત્તમ અંગ્રેજી વિવિધ એક્ટીવીટી દ્વારા શીખવવામાં આવે એવા ઉદ્દેશ સાથે શરૂઆતમાં પાયલોટ પ્રોજેક્ટ હેઠળ બાર શાળાઓમાં બારસો વિદ્યાર્થીઓ ભણી રહ્યા છે. ગુજરાતથી શરૂ થયેલ આ પ્રોજેક્ટ સમગ્ર ભારતમાં વિસ્તરે એ માટે દેશના ઘણાં શિક્ષણવિદો આમાં સામેલ થયેલ છે.

પાલ, સુરત - હિતેન્દ્ર ભટ્ટ

### માયા મુઈ ન મન મુઆ મર મર ગયા શરીર, આશા, તૃષ્ણા ના મરી, કહ ગયે દાસ કબીર.

આ જગતમાં માયા વ્યાપ્ત છે અને આપણું મન એ માયામાં પ્રવૃત છે, કેમ કે એક ઈચ્છા પૂરી થતાં બીજી ઈચ્છા આવી ને ઉભી રહે છે, બીજી પૂરી થતાં ત્રીજી, એટલે માનવીની આશા, તૃષ્ણાનો કોઈ અંત નથી. માયાથી મુક્ત થવા કોઈ સારા ગુરૂનું માર્ગદર્શન લેવું પડે, એટલે કહ્યું છે, ગુરૂ ગોવિદ દોનો ખડે, કિસકો લાગું પાય, બલિહારી ગુરૂ દેવ કી, ગોવિદ દીયો બતાય- ગુરૂનું સ્થાન પણ ગોવિદથી ઓછું નથી પરંતુ એમાં સારા અને પાવનકારી ગુરૂની વાત છે. આજનાં આ જમાનામાં એવા ગુરૂ આંગળીનાં વેઢે ગણાય એટલા જ હોય. સંસાર એક માયા છે અને માયા એક ભ્રમ છે- એમ કહી ટપલી મારી કંઠી બાંધી તમને માયાથી મુક્ત કરાવી અને લાખો રૂપિયાની તમારી માયા પોતાના ગજવામાં નાંખી તાગડધીન્ના કરનારા ગુરૂઓનો જોટો જડે તેમ નથી. એટલે જ અખો એક પંક્તિમાં કહે છે, ગુરૂ કર્યા મેં ગોકુળનાથ, ઘૂમતા બળદ ને દીધી નાળ, ધન હરે ધોકા ના હરે એવા ગુરૂ કલ્યાણ શું કરશે,

સુરત - દિવ્યેશ કુમાર ફૈજાભગત

### અસ્સલ મનમોજી સુરતી લાલા

અસ્સલ મનમોજી લહેરીલાલા સુરતીલાલા આજે આ શહેરમાં ભલે લઘુમતીમાં મૂકાય ગયા છે. પરંતુ કહેવા દો એ સુરતીઓ આ શહેરની આન, બાન અને શાન છે. તેઓ ચારે દિશામાં જઈ વસી ગયા છે. એ લોકોના મિલનસાર સ્વભાવ સંસ્કાર, વાણી, વર્તન અને વહેવારથી ત્યાંના લોકોમાં હળી મળીને ભળી ગયા છે. વાણી વર્તન અને વહેવારથી લોકોના દિલ આસાનીથી જીતી લીધા છે. એની હાજરીથી ત્યાંના લોકો પ્રસન્ન થાય છે. મૂળ સુરતી લાલા (ક.ખ.ગ.ઘ.) પ્રજા વહેવાર અને તહેવાર રંગેચંગે ઉજવી જાણે છે. પીડા મધૂરા રંગીન મિજાજના કારણે સોસાયટીમાં લોકપ્રિય બની જાય છે. એ સાથે સમય પર કોઈ તોફાની, બદતમીઝ ન્યૂસન્સ રૂપ માણસની શાન પણ ઠેકાણે લાવી શકે છે એના સ્વભાવમાં લડવા ઝઘડવાનું જરા પણ દેખાય નહીં. ક્યારેક મન ઊંચા નીચા થઇ જાય તો સામે ચાલીને બધાને મનાવી લેવાની એનામાં આવડત અદ્દભૂત છે. કદાચ મતભેદ પડે પરંતુ મનભેદ નહીં રાખી, હસી જાણે છે, હસાવી જાણે છે. ખાઈ જાણે છે અને ખવડાવી પણ જાણે છે. વહેવારમાં જરા પણ પાછળ નહી પડે. મન મૂકીને રૂપિયા ખર્ચી જાણે છે. નોકરી ધંધાના સમય પર સખત તનતોડ મહેનત કરી એના લોહીમાં છે. નિર્દોષ મસ્તી કરી બધાને ખુશ રાખે છે. રજાના દિવસોમાં ડુમ્મસ, તીથલ, ડાકોર, વડતાલ, ઉભરાટ, શેરડી સાંઈબાબા, સાપુતારા જેવા સ્થળ પર પરિવાર સાથે પહોંચી જાય છે. બચપનના મિત્ર મંડળ સાથે પીવા માટે. વાપી સ્ટેશન પર ઉતરી દમ્મણ પહોંચી જાય છે.આવા રંગીન મિજાજના સુરતીઓ જગતમાં બીજે કયાંય જોવા નહીં મળી જય હો. સુરતીલાલા.

ગોપીપુરા, સુરત - જગદીશ પાનવાલા

### સત્તાનો સૂર આઝાદીનાં આટલા વર્ષો પછી પણ કોણ બદલાશે?

રાષ્ટ્ર પ્રથમ, મને લાગે છે કે હવે આ ભૂલાઈ જ ગયું છે. ધર્મ આધારિત રાજકારણ બધા જાણે છે, હવે રાજકીય વ્યૂહરચના સંબંધિત, વિસ્તાર સંબંધિત ભાષાઓનું યુધ્ધ ચાલુ થાય તો નવાઈ નહીં. થોડા દિવસો પહેલા દક્ષિણમાં, હવે મહારાષ્ટ્રમાં, ઘટના બની. કોણ અને ક્યારે આ નિયંત્રણ કરશો? જો મજબૂત લોકો આવું વર્તન કરે છે તો સામાન્ય લોકો કેવી રીતે જીવશે? શક્તિ મોટી છે એ સાચું છે પણ આપણે કંઈપણ સ્વીકાર કરવો જોઈએ? જ્યા સુધી કાયદો મજબૂત નહીં બને ત્યાં સુધી મજબૂત વ્યક્તિઓ લાભ લેશે અને સામાન્ય લોકો આનો ભોગ બનશે. સત્તાનો સૂર આઝાદીનાં આટલા વર્ષો પછી પણ કોણ બદલાશે?

સુરત - જિજ્ઞેશ બક્ષી

### મૂલ્યનિષ્ઠાનું શિખર અનોખા ખાનસર

ખાનસર (ફૈઝલ ખાન) પટણાના એક એવાં શિક્ષક છે જેઓ પોતાની ભણાવવાની સાદી અને સહજ પરંતુ આગવી પદ્ધતિથી શિક્ષણજગતમાં જ નહીં પણ સોશ્યલ મીડિયામાં પણ ખૂબ જાણીતા થયાં છે. ખાન સરની શિક્ષણ શૈલી એટલી સરળ અને રસપ્રદ છે કે જટિલ વિષયો પણ સરળ લાગે. તેઓ UPSC, BPSC, SSC, રેલવે, NDA,JEE, NEET જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે વિદ્યાર્થીઓને મદદ કરે છે. તેમની ખાસિયત એ છે કે તેઓ શિક્ષણને સસ્તું અને સૌ માટે સુલભ બનાવે છે, જેમ કે માત્ર 200 રૂપિયામાં 6 મહિનાના કોર્સ કરાવે છે. ખાનસરની ઈન્સ્ટિટ્યૂટ કોઈપણ વિદ્યાર્થી નબળી આર્થિક સ્થિતિને કારણે ભણવાનું છોડી ના દે એ માટે પૂરતી કાળજી રાખી આવા શિક્ષણઈચ્છુક વિદ્યાર્થીઓને નિઃશુલ્ક શિક્ષણ આપે છે. પોતાના ડૉક્ટર બનતાં વિદ્યાર્થીઓ પોતાના દસ ટકા દર્દીઓની સારવાર નિઃશુલ્ક અથવા દર્દીની આર્થિક સ્થિતિ મુજબ દર્દી જે આપે તે રકમથી કરે એને જ ખાનસર સાચી ગુરુદક્ષિણા માને છે. યુટ્યુબ પર કોઈપણ વિષયના અટપટા એકમને ખૂબ જ સરળતાથી ચોટડૂક રીતે વિદ્યાર્થીને સમજાવી દેતાં ખાનસર એમનાં વર્તન અને વ્યવહાર દ્વારા આપણને સૌને આદર્શ નાગરિકત્વના પાઠ ભણાવી દે છે.

જહાંગીરાબાદ, સુરત -પ્રકાશ પરમાર

### જીવનું જોખમ

ગુજરાતમિત્ર તા. ૭-૭-૨૫ના રોજ કબૂતરને ચણ ખવડાવવા પર પ્રતિબંધ એક મહત્ત્વનું પગલું' ભાઈશ્રી આશિષ ટેલરનું ચર્ચાપત્ર માનવ તંદુરસ્તીના હિતમાં વાંચ્યુ. સુરત બાકાત નથી. અડાજણ ગંગેશ્વર રોડ પર વાણિયાવાળા કોર્પોરેટરના બંગલાની દક્ષિણે મોટું સર્કલ છે. તેની સામે એક સ્ટેચ્યુ (અનામી) જેમાં બે પગની વચ્ચે રાષ્ટ્રધ્વજ રોપ્યો છે. આજુબાજુ અગણિત સંખ્યામાં દરરોજ કબૂતરોના કાફલા આવે, સહેજ અવાજ થતાં ઝૂંડમાં ઊડી આજુબાજુના ફ્લેટની છત પર બેસે. કપડાં સૂકવેલ હોય તેના પર ચરકે, ઘરમાં પીછાં પણ આવે. ચેલ્લા પાંચેક વર્ષોથી આ વિસ્તારના લોકો ત્રાસી ગયા છે. સત્વરે પોલીસ કમિશ્નર સાહેબ અને કોર્પોરેશન આ ન્યુસન્સ બંધ કરાવે. નિર્દોષ આજુબાજુ વસતા રહેણાંકના કુટુંબો બચાવે. જીવનું જોખમ દરરોજ સામે દેખાય.

સુરત - એ. આર. દેસાઈ